MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

# FDI ની GDP પરની અસરોનો અભ્યાસ (ભારતના સંદર્ભમાં)

**VISHVARAJSINH B. SODHA**

M.A.

**Guide**

**Dr. AMAR B. PATEL**

Assistant Professor

Department of Economics,

Saurashtra University, Rajkot


- **સારાંશ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ભારતમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં છેલ્લા બે દાયકા દરમિયાન કેવા કેવા અને કેટલાં પરિવર્તન આવ્યા છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.૨૦૦૧ થી ૨૦૨૩ દરમિયાન પ્રત્યક્ષ વિદેશીં મૂડીરોકાણમાં કેટલો વધારો-ઘટાડો થયો છે. અને તે સમય દરમિયાન કુલ ઘરગથ્થું પેદાશમાં કેટલો વધારો-ઘટાડો થયો છે.તેનો અભ્યાસ આ સંશોધનપત્રમાં રજૂ કરેલ છે.



- **ચાવીરૂપ શબ્દો:** GDP, FDI, FII રોકાણ


- **પ્રસ્તાવના**

કોઈ પણ દેશના આર્થિક વિકાસ માટે FDI ખૂબ જ મહત્વનું છે. અને FDI થવાથી દેશનીં અનેક સમસ્યાઓ દૂરં કરવામાં સહાયક બને છે. બેરોજગારી જેવી સમસ્યા ભારતમાં જોવા મળે છે.અને આ સમસ્યા દૂર કરવામાં વિદેશીં હુંડિયામણની જરૂર પડે છે. અને ગરીબી નિવારવા પણ વિદેશી હુંડિયામણ જરૂરી છે.અને છેલ્લા બે દાયકા દરમિયાન વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ વિકાસ શીલ દેશમાં વધુને વધું મહત્વપૂર્ણ બન્યું છે.કારણ કે FDI વધશે તો ઉધ્યોગધંધા વધશે.અને લોકોને રોજગારી મળતા તે ગરીબીમાંથી બહાર આવશે.અને ભારતના આર્થિક વિકાસ માટે પણ FDI ખૂબ જ મહત્વનું છે.અને ૧૯૯૧ની આર્થિક કટોકટીને પગલે ભારતમાં આર્થિક ઉદારીકરણની શરૂઆત થઈ.અને ત્યાર પછી ભારતમાં FDIમાં સતત વધારો થયો છે.તો અહી આપણે ભરતમાં FDIના રોકાણ પ્રવાહની માહિતી મેળવીશું.

- **FDI – ACCORDING TO SEBI**

  વિદેશી દેશમાં સ્થિત વ્યક્તિ અથવા પેઢી દ્વારા દેશમાં કરવામાં આવેલ કોઈપણ રોકાણને વિદેશી પ્રત્યક્ષ રોકાણ કહેવામાં આવે છે.અહી કંપની પોતે જ ધંધો સ્થાપે છે અને સંચાલન કરે છે.

- **FII - ACCORDING TO SEBI**

  જ્યારે વિદેશી રોકાણકર્તા ધંધાની સ્થાપના કરવાના બદલે દેશના નાણાંબજાર મૂડીરોકાણમાં શેર કે બોન્ડની ખરીદી કરીને રોકાણ કરે છે તેને વિદેશી સંસ્થાગત મૂડીરોકાણ કહેવામાં આવે છે.

- **સંદર્ભ સાહિત્યની સમીક્ષા**

  ૧ પ્રિયા શર્મા (2002)

  ભારતમાં સીધા વિદેશી રોકાણમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.તેમ છતાં વધુ FDI આકર્ષવા પર ભાર મૂકવામાં આવ્યો છે.એપ્રિલ-ઓગસ્ટ ૨૦૦૨ દરમિયાન FDIનો પ્રવાહ ગયા નાણાકીય વર્ષના પ્રથમ પાંચ મહિનાની સરખામણીએ ૭.૬% ઓછો હતો.

  ૨ તિવારી (2007)

  છેલ્લા 30 વર્ષથી વિશ્વએ વિદેશી પ્રત્યક્ષ રોકાણ રોકડ પ્રવાહમાં સતત વધારો અનુભવાયો છે.વિશ્વના અર્થતંત્રમાં વિકાસશીલ દેશોના એકીકરણ માટેના આંતર સરકારી મંચ UNCTAD મુજબ FDIના પ્રવાહએ વિકાસશીલ દેશોના ચોખ્ખા પ્રવાહનો સૌથી મોટો ઘટક છે.

  3 સિંઘ (2009)

  તેમણે અભ્યાસમાં જણાવ્યું કે વિદેશી પ્રત્યક્ષ રોકાણનીતિઓ વિશ્વભરના વિકાસશીલ દેશોના આર્થિક વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.વાહકનીતિઓ સાથે FDIના પ્રવાહને આકર્ષિત કરવું એ ઊભરતા બજારોમાં મુખ્ય યુદ્ધભૂમિ બની ગયું છે.આ પેપરમાં સેક્ટર મુજબના આર્થિક સુધારા પછી ભારતના FDIના વલણ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

  4 કુમાર અને કાર્તિકા (2010)

  યજમાન દેશમાં આર્થિક વિકાસમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણની મુખ્ય ભૂમિકા છે.મોટાભાગના દેશો તેમના આર્થિક વિકાસની ગતિને વેગ આપવા માટે વિદેશી રોકાણ અને વિદેશી તકનિકનો ઉપયોગ કરી રહ્યા

છે.FDI વિકાસશીલ દેશોમાં મોટી માત્રામાં સ્થાનિક મૂડી,ઉત્પાદન સ્તર અને રોજગારીની તકો સુ નિશ્ચિત કરે છે જે દેશના આર્થિક વિકાસ તરફ એક મોટું પગલું છે.

- **સંશોધનના હેતુઓ**
  - ભારતમાં પ્રત્યક્ષ વિદેશીં મૂડીરોકાણના પ્રવાહના વલણોનો અભ્યાસ કરવા.
  - ભારતમાં GDP ના વલણોનો અભ્યાસ કરવા.
  - ભારતમાં FDIની GDP પરની અસરોનો અભ્યાસ કરવા.

- **સંશોધનની ઉત્કલ્પના**
  - ભારતમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણના વલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
  - ભારતમાં GDPના વલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
  - ભારતમાં FDIની GDP પરની અસરોના વલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

- **સંશોધનની મર્યાદાઓ**
  - પ્રસ્તુત સંશોધન અભ્યાસ માત્ર ગૌણ માહિતી પર આધારીત છે માટે આંકડાઓમાં ભૂલ હોવાની સંભાવના છે.
  - પ્રસ્તુત સંશોધનમાં માત્ર છેલ્લા બે દાયકા દરમિયાનના FDIના આંકડાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે.બાકીના વર્ષના આંકડાઓનો અભ્યાસ કરવામાં આવ્યો નથી જે મર્યાદા કહી શકાય.

- **સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના આધારે અભ્યાસમાં ગૌણ મહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.માહિતીની પ્રાપ્યતા માટે સામયિકો,અહેવાલો અને વેબસાઇટ વગેરે સ્રોત દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે.

- **માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન**

પ્રસ્તુત સંશોધનમાં ગૌણ માહિતી માટે WORLD BANK ના અહેવાલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

કોષ્ટક નંબર 1

| વર્ષ | FDI (billion) | GDP (billion) |
|---|---|---|
| 2004 | 5.43 | 709.15 |
| 2005 | 7.27 | 820.38 |
| 2006 | 20.03 | 940.26 |
| 2007 | 25.23 | 1216.74 |
| 2008 | 43.41 | 1198.90 |
| 2009 | 35.58 | 1341.89 |
| 2010 | 27.40 | 1675.62 |
| 2011 | 36.50 | 1823.05 |
| 2012 | 24.00 | 1827.64 |
| 2013 | 28.15 | 1856.72 |

Source: World Bank

- ઉપરોક્ત આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરતાં જણાય છે કે 2004 થી 2007 સુધી FDI અને GDPના વલણોમાં વધારો થતો જોવા મળે છે. પરંતુ 2008માં FDI અને GDPમાં ઘટાડો થયો છે.
- પછીના વર્ષોમાં 2009થી 2013 દરમિયાન FDI અને GDPમાં વધારો થતો જોવા મળે છે.
- આ માહિતીનું વિશ્લેષણ કરતાં કહી શકાય કે જેમ જેમ વર્ષ દરમિયાન FDIમાં વધારો થયો છે તેમ તેમ GDPમાં પણ વધારો થતો જોવા મળે છે.
- આમ ભારતમાં FDI વધવાથી તેની હકારાત્મક અસર GDP પર થતી જોવા મળે છે.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025




કોષ્ટક નંબર 2

| વર્ષ | FDI (Billion) | GDP (Billion) |
|---|---|---|
| 2014 | 34.58 | 2039.13 |
| 2015 | 44.01 | 2103.59 |
| 2016 | 44.46 | 2294.80 |
| 2017 | 39.47 | 2651.47 |
| 2018 | 42.12 | 2702.93 |
| 2019 | 50.61 | 2835.61 |
| 2020 | 64.36 | 2671.60 |
| 2021 | 44.73 | 3150.31 |
| 2022 | 49.92 | 3385.09 |
| 2023 | 70.97 | 3732.22 |

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

**Source: World Bank**

- ઉપરોક્ત આંકડાકીય માહિતીનો અભ્યાસ કરતાં જણાય છે કે 2013 થી 2020 સુધી FDIમાં વધારો થતો જોવા મળે છે. GDPમાં પણ વધારો થતો જોવા મળે છે.
- 2021માં FDIમાં ઘટાડો થયો છે. પરંતુ તે સમય દરમિયાન GDPમાં વધારો થયો છે.
- ત્યાર પછીના 2 વર્ષમાં FDI અને GDP બંનેમાં વધારો થતો જોવા મળે છે. અને છેલ્લા વર્ષ 2023માં FDI 70.97 બિલિયન અને GDP 3732.22 બિલિયન થયું છે.
- આમ આ છેલ્લા બે દાયકા દરમિયાન FDIમાં સરેરાશ 36.94 બિલિયન અને GDPમાં સરેરાશ 2048.85 બિલિયન જેટલો વધારો થયેલ જોવા મળે છે.




- **સંશોધનના તારણો**
  - ✓ ભારતમાં FDI અને GDP માં છેલ્લા બે દાયકા દરમિયાન વધારો-ઘટાડો થતો જોવા મળે છે.
  - ✓ ભારતમાં 2004 થી 2013 દરમિયાન FDI માં સરેરાશ 25.3 બિલિયન અને GDP માં સરેરાશ 1341.05 બિલિયનનો વધારો થયો છે.
  - ✓ ભારતમાં 2014 થી 2023 દરમિયાન FDI માં સરેરાશ 48.57 બિલિયન અને GDP માં સરેરાશ 2756.64 બિલિયનનો વધારો થયો છે.
  - ✓ આમ ભારતમાં જેમ જેમ FDI માં વધારો થયો છે તેમ તેમ GDP માં પણ વધારો થયો છે. એટલે કે FDI ની GDP પર હકારાત્મક અસર થતી જોવા મળે છે.
  - ✓ ભારતમાં FDI અને GDP વચ્ચે ધન સહસબંધ જોવા મળે છે અને સહસબંધ ગુણાંકનું માપ 1.30 છે.

- **સંદર્ભ સૂચિ**

https://www.macrotrends.net/countries/IND/india/foreign-direct-investment

https://www.cdslindia.com/Publications/FIIFPIInvstmntFinYrData.aspx

https://www.macrotrends.net/countries/IND/india/gdp-growth-rate

https://www.oecd.org/investment/investmentfordevelopment/1959815.pdf

https://www.grips.ac.jp/teacher/oono/hp/docu01/paper14.pdf

https://papers.ssrn.com/sol3/papers.cfm?abstract_id=3598037

Certificate No.:03052025019

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**VISHVARAJSINH B. SODHA**

In recognition of the publication of the paper entitled

**FDI ની GDP પરની અસરોનો અભ્યાસ (ભારતના સંદર્ભમાં)**

Published in Volume 03, Issue 05, June 2025.

**EDITOR IN CHIEF**

Certificate No.:03052025019

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Dr. AMAR B. PATEL**

In recognition of the publication of the paper entitled

**FDI ની GDP પરની અસરોનો અભ્યાસ (ભારતના સંદર્ભમાં)**

Published in Volume 03, Issue 05, June 2025.

**EDITOR IN CHIEF**